RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 326 * Date: 16.09.2025,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# એક પણ ગરબડ મળી તો સમગ્ર પ્રક્રિયા રદ કરીશું', SIR મુદ્દે સુપ્રીમ કોર્ટની ECને ફટકાર



બહાર સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનને લઈને સોમવારે (૧૫મી સપ્ટેમ્બર) સુપ્રીમ કોર્ટે મોટું નિવેદન આપ્યું છે. સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે 'અમે બિહાર જૈંઈ પર આંશિક અભિપ્રાય આપી શકીએ નહીં. અંતિમ નિર્ણય ગમે તે હોય, તે આખા દેશ પર લાગુ પડશે. અમે માનીએ છીએ કે બંધારણીય સત્તા, ચૂંટણી પંચ, બિહારમાં કાયદા અને ફરજિયાત નિયમોનું પાલન કરી રહ્યું છે. જો અમને બિહાર જૈંઈના કોઈપણ તબક્કે ચૂંટણી પંચ દ્વારા અપનાવવામાં આવેલી પદ્ધતિમાં કંઈ પણ ખોટું જણાશે, તો સમગ્ર પ્રક્રિયા રદ કરવામાં આવશે.'

કેસની સુનાવણી જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલા બાગચીની બેન્ચ દ્વારા કરવામાં આવી હતી. અરજદારે પહેલી ઓક્ટોબર પહેલા કેસની સુનાવણીની માંગ કરી હતી. આ દિવસે અંતિમ મતદાર યાદી પ્રકાશિત થવાની છે. પરંતુ કોર્ટે ઈનકાર કરતા કહ્યું કે, '૨૮મી સપ્ટેમ્બરથી દશેરાની રજા છે, પરંતુ કોર્ટ એક અઠવાડિયા માટે બંધ છે.' સુપ્રીમ કોર્ટે બિહારમાં જૈંઈ કવાયતની માન્યતા પર અંતિમ દલીલો સાંભળવા માટે સાતમી ઓક્ટોબરની તારીખ નક્કી કરી.અંતિમ મતદાર યાદીના પ્રકાશનથી મામલાના નિરાકરણમાં કોઈ ફરક પડશે નહી. કોર્ટે અરજદારોને ખાતરી આપી હતી કે જો કોઈ ગેરકાયદે હશે, તો તે અંતિમ પ્રકાશનને ધ્યાનમાં લીધા વિના આ મામલે હસ્તક્ષેપ કરશે. કોર્ટે આ વાત એડવોકેટ પ્રશાંત ભૂષણના સવાલના જવાબમાં કહી હતી, જેમાં તેમણે કહ્યું હતું કે, 'ચૂંટણી પંચ જૈંઈની કવાયતમાં પોતાના મેન્યુઅલ અને નિયમોનું પાલન કરી રહ્યું નથી. કાયદાકીય જરૂરિયાત હોવા છતાં કમિશન આ મામલે મળેલા વાંધાઓ અપલોડ કરી રહ્યું નથી.'સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે ચૂંટણી પંચે દેશભરમાં જૈંઈ વિશે વાત કરી હતી. ચૂંટણી પંચે આ સંદર્ભમાં ૧૦મીસપ્ટેમ્બરે એક બેઠક યોજી હતી.ત્યારબાદ અધિકારીઓએ કહ્યું હતું કે 'આવતા વર્ષે પાંચ વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. તેથી ૨૦૨૫ના આગામી મહિનાઓમાં અખિલ ભારતીય મતદાર યાદી સુધારણા અભિયાન ચલાવી શકાય છે.'બેઠકમાં મુખ્ય ચૂંટણી અધિકારીઓએ કોઈપણ લાયક નાગરિકનું નામ મતદાર યાદીમાંથી બહાર ન રહે અને કોઈ અયોગ્ય વ્યક્તિ તેમાં ન રહે તે સુનિશ્ચિત કરવા માટે દસ્તાવેજો સૂચવ્યા. ફરીથી ભાર મૂકવામાં આવ્યો કે આ દસ્તાવેજો પાત્ર નાગરિકો માટે સબમિટ કરવા માટે સરળ હોવા જોઈએ. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૬માં આસામ, કેરળ, પુડુચેરી, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે.ચૂંટણી પંચ દ્વારા શરુ કરાયેલી સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયા હેઠળ, દેશભરમાં ડુપ્લિકેટ, મૃત અથવા અયોગ્ય મતદારોની ઓળખ કરવામાં આવશે અને મતદાર યાદીમાંથી તેમના નામ દૂર કરવામાં આવશે. ખાસ કરીને એવા મતદારોની ઓળખ કરવામાં આવી રહી છે જેઓ કાયમી અને વર્તમાન બંને સરનામા પર નોંધાયેલા છે.

## ૨૦ હજાર લોકોએ રાતોરાત ગાઝા છોડ્યું: ઈઝરાયલ મોટો હુમલો કરે તેવો ફફડાટ; અનેકના મોત

કતારમાં ૫૦ મુસ્લિમ દેશના નેતાઓ વચ્ચે બેઠક ચાલી રહી છે. આ બેઠક વચ્ચે ઈઝરાયલ ગાઝા પર સતત હુમલાઓ કરી રહ્યું છે. આ હુમલાના ભયમાં ગઈકાલે રાત્રે આશરે ૨૦,૦૦૦ લોકોએ ગાઝામાંથી પલાયન કર્યું હતું. મોટી સંખ્યામાં લોકો પોતાના બિસ્તરાં-પોટલા બાંધી દેશ છોડી રહ્યા છે. કોઈ પગપાળા, તો કોઈ ગાડીમાં સામાન ભરી પલાયન કરી રહ્યા છે. ઈઝરાયલે ગાઝામાં પોતાના સૈનિકોની સંખ્યા વધારી દીધી છે. તે હવે જમીન પરથી હુમલા કરવાની તૈયારી કરી રહ્યું છે.ઈઝરાયલે આજે સવારે કરેલા હુમલામાં ગાઝાના ૨૮ લોકો માર્યા ગયા છે. ઈઝરાયલના આ હુમલાઓના કારણે ગાઝામાં ભયનો માહોલ વધ્યો છે. વધુમાં નજીકના ભવિષ્યમાં હમાસ અને ઈઝરાયલ વચ્ચે સીઝફાયરની કોઈ અપેક્ષા જોવા ન મળતાં ગાઝાવાસીઓ ભયભીત બન્યા છે. ઈઝરાયલે કતારમાં પણ હુમલો કરી દેતાં સ્થિતિ વધુ વણસી છે. વધુમાં ઈઝરાયલે ગાઝાવાસીઓને સ્થળ ખાલી કરવા અલ્ટીમેટમ આપ્યું હોવાથી મોટો હુમલો થવાનો ફફડાટ વધ્યો છે.



ઈઝરાયલ હમાસમાં એક-પછી-એક હુમલા કરી રહ્યું છે. ગાઝાના લોકો માટે ભોજન પ્રદાન કરતા કેમ્પને પણ નષ્ટ કર્યા છે. તેની આ અડોડાઈને ધ્યાનમાં લેતાં દોહામાં ઈઝરાયલ વિરૂદ્ધ પ્રસ્તાવ રજૂ કરવાની વિચારણા થઈ રહી છે. તદુપરાંત મુસ્લિમ દેશોની એકતા પણ આ મંચ પરથી વિશ્વ સુધી પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પરંતુ ઈઝરાયલ ટસનું મસ થઈ રહ્યું નથી. ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ કહ્યું હતું કે, તે ગાઝામાં સક્રિય એક-એક આતંકવાદીનો ખાતમો બોલાવશે. ગાઝામાં રહેતાં લોકોને અહીંથી નીકળી જવા એલર્ટ આપ્યું છે.ગાઝામાં કુલ ૧૦ લાખથી વધુ લોકો વસે છે. જેમાંથી ૨-૩ લાખ લોકોએ પલાયન કર્યું છે. ઈઝરાયલે ચેતાવણી આપી છે કે, ગાઝામાં રહેતાં લોકો દક્ષિણ હિસ્સામાં જઈ આશરો લઈ શકે છે. પરંતુ ત્યાં વસતાં તમામ લોકોમાં ભયનો માહોલ વધ્યો છે. તેઓ કોઈપણ વિસ્તારને સુરક્ષિત માની રહ્યા નથી. ઈઝરાયલે અપેક્ષાકૃત શાંતિપૂર્વ વિસ્તાર વેસ્ટ બેન્કમાં પણ હુમલાઓ વધાર્યા છે. તદુપરાંત વેસ્ટ બેન્કના તુબાસ, નાબલુસ અને ઉત્તારીય વેસ્ટ બેન્કમાં પણ હુમલા કરી રહ્યું છે.

ઉલ્લેખનીય છે, એક બાજુ મુસ્લિમ દેશોની કતારમાં સમિટ ચાલી રહી છે, તો બીજી બાજુ અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો ઈઝરાયલમાં છે. તેમણે નેતન્યાહૂ સાથે આશરે ૩ કલાક બેઠક કરી હતી. એક ઈઝરાયલ અને ૫૦ દેશ નામની આ સમિટમાં નેતન્યાહૂ હાજરી આપવાના છે.

## બોલિવૂડના ટોપ-૧૦ સ્ટાર્સની યાદીમાં સલમાન ખાને બાજી મારી, શાહરુખ-હૃતિકની હાલત ખરાબ!

૧૦૦ વર્ષથી વધુ સમયથી બોલિવૂડ તેની ચમક અને અભિનેતાઓના શક્તિશાળી પ્રદર્શનથી દર્શકોને આકર્ષી રહ્યું છે. આ લાંબા ઈતિહાસમાં, ઘણા એવા સ્ટાર્સ આવ્યા છે જેમની ચમક ક્યારેય ઓછી થઈ નથી. ઈન્ડિયા ફોરમ દ્વારા બહાર પાડવામાં આવેલી ટોપ ૧૦ સ્ટાર્સની યાદીમાં, કેટલાક એવા નામ છે જે ઘણા સમયથી ફિલ્મોમાં જોવા મળ્યા નથી, તેમ છતાં તેમની લોકપ્રિયતા અને ચમક આજે પણ અકબંધ છે. ચાલો જાણીએ આ યાદીમાં કયા સ્ટાર્સે પોતાનું સ્થાન બનાવ્યું છે.

આ યાદીમાં ટોપ-૧૦ના લિસ્ટમાં શાહરૂખ ખાન, વિક્કી



કૌશલ કે અક્ષય કુમારને સ્થાન મળ્યું નથી. આ યાદીમાં શાહરૂખ ખાન ૧૩મી પોઝિશન, વિક્કી કૌશલ ૧૫ અને અક્ષય કુમારને ૧૮મી પોઝિશન મળી છે. જ્યારે એક એક્ટર એવો છે જેણે રિતિક રોશન, આલિયા ભટ્ટ અને રણવીર સિંહ જેવા કલાકારોને પાછળ છોડી દીધા છે. તો ચાલો આખી યાદી અને એ પણ જાણીએ કે આ યાદીમાં પહેલું સ્થાન કોને મળ્યું છે.

સલમાન ખાને ટોપ-૧૦ની યાદીમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. તેનો 'બિગ બી' રિયાલિટી શો અને 'ગલવાન' ફિલ્મના કારણે અભિનેતા હાલ સૌથી વધુ ચર્ચામાં છે. જયારે બીજા નંબરે કેટરિના કૈફ છે, જે હાલ ફિલ્મોમાં જોવા ન મળવા છતાં આજે પણ ટોપ-૧૦ની યાદીમાં બીજા ક્રમે સ્થાન જાળવી શકી છે. સિદ્ધાર્થ મલ્હોત્રાએ શાહરુખ, રણવીર સિંહ, રણબીર કપૂર, હૃતિક, આલિયા અને દીપિકાને પછાડીને ત્રીજું સ્થાન મેળવ્યું છે. ચોથા ક્રમાંકે દીપિકા પદુકોણ છે. જે કિંગ તેમજ સાઉથના દિગ્દર્શકો સાથે ફિલ્મમાં વ્યસ્ત છે. રણવીર સિંહ આ યાદીમાં નંબર-૫ પર આવ્યો છે. 'ધુરંધર' ફિલ્મને લઈને હાલ અભિનેતા ચર્ચામાં છે.

## અમદાવાદ બિલ્ડર હત્યા કેસ : સોપારી આપનાર મનસુખ લાખાણીની ધરપકડ, કારમાં મળી હતી પાર્ટનરની લાશ

અમદાવાદના જાણીતા બિલ્ડર હિંમત રૂડાણીની હત્યા કેસમાં એક મોટો ખુલાસો થયો છે. પોલીસે આ હત્યાના મુખ્ય આરોપી અને બિલ્ડર મનસુખ લાખાણીની ધરપકડ કરી છે. અગાઉ, પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી હતી, જેમની પૂછપરછ દરમિયાન મનસુખ લાખાણીનું નામ સામે આવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, બિલ્ડર મનસુખ લાખાણીએ જ હિંમત રૂડાણીની હત્યા માટે સોપારી આપી હતી. લાખાણી અને રૂડાણી વચ્ચે જૂના ધંધાકીય સંબંધોને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદના




કારણે જ મનસુખ લાખાણીએ હિંમત રૂડાણીની હત્યા કરાવવાનું કાવતરું ઘડ્યું હતું.

અગાઉ પોલીસે મનસુખ લાખાણીને શંકાના આધારે પૂછપરછ માટે બોલાવ્યા હતા. જોકે, ત્રણ આરોપીઓની કબૂલાત અને અન્ય પુરાવાઓના આધારે તેની ભૂમિકા સ્પષ્ટ થઈ હતી. આ પુરાવા મળ્યા બાદ પોલીસે તાત્કાલિક મનસુખ લાખાણીની ધરપકડ કરી અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં વધુ ઊંડાણપૂર્વક તપાસ ચાલી રહી છે.

સૂત્રોના જણાવ્યાનુસાર, આ બંને બિલ્ડરો નિકોલના ગંગોત્રી સર્કલ નજીકના એક જમીનના પ્લોટને લઈને લાંબા સમયથી લડી રહ્યા હતા. આ વિવાદ ૨૦૨૪ના જાન્યુઆરી મહિનામાં જાહેર થયો હતો, જ્યારે માલિકી હકને લઈને થયેલી બોલાચાલી બાદ એફઆઈઆર નોંધવામાં આવી હતી. તપાસ અધિકારીઓએ ખુલાસો કર્યો કે, હિંમત રૂદાણીના પુત્ર ધવલે મનસુખ લાખાણીના પુત્ર કિંજલ લાખાણી સામે ઐંઢ ક્રાઈમના આર્થિક ગુના વિંગ (ઈઓ)માં ૧.૫ કરોડ રૂપિયાની છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી.

અમદાવાદના વિરાટનગર બ્રિજ નીચેથી બિલ્ડરની હત્યા કરાયેલી હાલતમાં કારમાંથી મૃતદેહ મળ્યો હતો. તેમના શરીર પર કોઈ તીક્ષ્ણ હથિયાર વડે અનેક ઘા ઝીકવામાં આવ્યા હતા. બિલ્ડરની ઓળખ હિંમત રૂદાણી તરીકે થઈ હતી આ ઘટનાની જાણ થતા જ ઓઢવ પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે. આ મામલે ઝઝ્ફ ફૂટેજ અને ફોન રેકોર્ડમાંથી મળેલા પુરાવાના આધારે પોલીસે રાજસ્થાનના સિરોહીમાંથી રાહુલ રાઠોડ, પપ્પુ મેઘવાલ અને એક સગીર સહિત ત્રણ શંકાસ્પદોની અટકાયત કરી હતી.

## ફેબહિંદ કંપનીની ઘટના:હાઈડ્રાનું બૂમ વીજલાઈનને અડી જતાં કરંટથી ૨નાં મોત, ૬ને ઈજા

મહેસાણા તાલુકાના મંડાલી ગામની સીમમાં આવેલી રોડ મશીનરી બનાવતી ફેબહિંદ નામની કંપનીમાં રવિવારે બપોરે હાઈડ્રા ક્રેનને ધક્કો મારી રહ્યા હતા, તે દરમિયાન ક્રેનનું બૂમ ઉપરથી પસાર થતી હેવી વીજલાઈનને અડી જતાં કરંટથી ૨ લોકોનાં મોત થયા હતા. જ્યારે ૬ લોકોને ઈજા થતાં સારવાર અર્થે ખસેડાયા છે.

મહેસાણા- અમદાવાદ હાઈવે પર મંડાલી નજીક રોડ મશીનરીનું ઉત્પાદન કરતી ફેબહિંદ કંપનીમાં રવિવારે બપોરે ચારેક વાગે ક્રેનને ચાલુ કરી રહ્યા હતા, ત્યારે ક્રેન એકાએક આગળ સરકતાં ક્રેનનું ઊંચું બૂમ કંપનીની વીજલાઈન સાથે અથડાતાં કરંટ ક્રેનમાં પ્રસર્યો હતો અને ક્રેન સાથે રહેલા આઠ લોકો કરંટનો ભોગ બન્યા હતા.જેમાંથી ચોકીદાર અમિત આર્ય અને ક્રેન ઓપરેટર મહંત અભિમન્યુનું મોત થયું હતું. જ્યારે અન્ય ૬ લોકોને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા. ઘટનાની જાણ થતાં નિરમા આઉટ પોસ્ટના ભરતભાઈ દેસાઈ, હાર્દિકભાઈ ચૌધરી સહિત સ્ટાફે ઘટના સ્થળે દોડી આવી બચાવ કામગીરી સાથે તપાસ હાથ ધરી હતી.સિક્યુરિટી ગાર્ડ અમિત અને તેના પિતા બાજુમાં આ વેલી બીજી કંપનીમાં સિક્યુરિટી તરીકે નોકરી કરતા હતા. આમ, પિતા અને પુત્ર કમાવા માટે મધ્યપ્રદેશથી અહીં આવ્યા હતા. ત્યારે સિક્યુરિટીને ક્રેનને ધક્કો મારવા માટે કહેવામાં આવ્યું તે તપાસનો વિષય બન્યો છે.

**તંત્રી લેખ...**

## ઓસ્ટ્રેલિયા પરમાણુ સબમરીન શિપયાર્ડમાં ૮ બિલિયન ડોલરનું રોકાણ કરશે

ઓસ્ટ્રેલિયાએ જણાવ્યું હતું કે તે છેંદ્રેંજી પરમાણુ સબમરીન કરાર હેઠળ સબમરીન પહોંચાડવામાં મદદ કરવા માટે પશ્ચિમ ઓસ્ટ્રેલિયામાં સંરક્ષણ સુવિધાઓ સ્થાપિત કરવા માટે ૧૨ બિલિયન ઓસ્ટ્રેલિયન ડોલર (૮ બિલિયન ડોલર) ખર્ચ કરશે.

ઓસ્ટ્રેલિયા, બ્રિટન અને યુએસ દ્વારા ૨૦૨૧ માં સંમત થયેલા છેંદ્રેંજી કરારનો હેતુ આગામી દાયકાથી ઓસ્ટ્રેલિયાને પરમાણુ સંચાલિત હુમલો સબમરીન પૂરી પાડવાનો છે જેથી ભારત-પ્રશાંત ક્ષેત્રમાં ચીનની મહત્વાકાંક્ષાઓનો સામનો કરી શકાય. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું વહીવટીતંત્ર આ કરારની ઔપચારિક સમીક્ષા કરી રહ્યું છે.

સંરક્ષણ પ્રધાન રિચાર્ડ માર્લ્સે જણાવ્યું હતું કે આયોજિત વિસ્તાર ×ઓસ્ટ્રેલિયાના જહાજ નિર્માણ અને ટકાઉપણું ઉદ્યોગ માટે મહત્વપૂર્ણ છે, જ્યારે પશ્ચિમ ઓસ્ટ્રેલિયામાં સતત નૌકાદળ જહાજ નિર્માણ અને ઓસ્ટ્રેલિયાના પરમાણુ સંચાલિત સબમરીન માર્ગને ટેકો આપે છે×.

મધ્ય-ડાબેરી લેબર સરકાર ×ઓસ્ટ્રેલિયાને જરૂરી ક્ષમતાઓ પહોંચાડવા માટે સંરક્ષણ ખર્ચમાં રેકોર્ડ સ્તર સુધી વધારો કરવાનું ચાલુ રાખે છે×, માર્લ્સે એક નિવેદનમાં જણાવ્યું હતું.

ગયા વર્ષે પર્થ નજીક હેન્ડરસન શિપયાર્ડમાં સુવિધાઓને અપગ્રેડ કરવા માટે તેણે ૧૨૭ મિલિયન ઓસ્ટ્રેલિયન ડોલર (૮૪ મિલિયન ડોલર)નું પ્રારંભિક રોકાણ કર્યું હતું, અને કહ્યું હતું કે આગામી ૨૦ વર્ષમાં તેને તેના છેંદ્રેંજી સબમરીન કાફલા માટે જાળવણી કેન્દ્રમાં રૂપાંતરિત કરવા માટે અબજો ડોલર ખર્ચવામાં આવશે.સરકારે જણાવ્યું છે કે આ વિસ્તાર ઓસ્ટ્રેલિયન સેના માટે નવી લેન્ડિંગ ક્રાફ્ટ અને નૌકાદળ માટે નવી સામાન્ય હેતુવાળી ફ્રિગેટ્સ પણ બનાવશે, જેનાથી લગભગ ૧૦,૦૦૦ સ્થાનિક નોકરીઓ મળશે.છેંદ્રેંજી હેઠળ - સેંકડો અબજો ડોલરની કિંમતની - વોશિંગ્ટન ઓસ્ટ્રેલિયાને ઘણી વર્જિનિયા-ક્લાસ પરમાણુ સંચાલિત સબમરીન વેચશે, જ્યારે બ્રિટન અને ઓસ્ટ્રેલિયા પછીથી નવી છેંદ્રેંજી-ક્લાસ સબમરીન બનાવશે.

# સરદાર સન્માન યાત્રાનું ગાંધીનગરમાં શાનદાર સ્વાગત મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં યોજાયો ભવ્ય સન્માન કાર્યક્રમ





અખંડ ભારતના શિલ્પી એવા સરદાર પટેલની ૧૫૦ મી જન્મ જયંતી અંતર્ગત બારડોલી થી સોમનાથ સુધીની જે યાત્રા યોજાઈ છે તે આજે ગાંધીનગરમાં આવી પહોંચી હતી. આ યાત્રાના સંયોજક શ્રી ગોપાલભાઈ ચમારડીના નેતૃત્વમાં નીકળેલ આ યાત્રા ગાંધીનગરમાં પ્રવેશતા જુદા જુદા સ્થાનો પર સ્વાગત કરવામાં આવ્યું હતું ભારતને પ્રથમ રજવાડું સમર્પિત કરનાર મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગોહિલ સાહેબની પ્રતિમા કે જે રાદેસણ વિસ્તારમાં આવી છે ત્યાં રથયાત્રાના સંયોજક શ્રી ગોપાલભાઈ દ્વારા ફૂલહાર કરવામાં આવ્યા હતા. સમગ્ર રાજપૂત સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સરદાર યાત્રાનું સન્માન કર્યું હતું . આ યાત્રા કુડાસણ આવી ત્યારે સરદાર પટેલની પ્રતિમાને ફુલહાર કરી ત્યાં પણ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ઘ-૧ બેથી ઘ-૩ ની વચ્ચે એસેસવી સ્કૂલ તથા જે એમ ચૌધરી સ્કૂલના વિદ્યાર્થીઓએ માનવ સાંકળ બનાવીને યાત્રાનું સન્માન કર્યું હતું.

ઉમિયા માતા સંસ્થાન ખાતેના કાર્યક્રમમાં માનનીય મુખ્ય મંત્રીશ્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબની ઉપસ્થિતિમાં કાર્યક્રમ થયો હતો. જેમાં કેબિનેટ મંત્રી રાઘવજી ભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી રજનીભાઈ, પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝાડફિયા,સાંસદ શ્રી એચ એસ પટેલ, શ્રી નરહરિ ભાઈ અમીન સાહેબ, ધારાસભ્ય શ્રી જીએસ પટેલ, મેયર શ્રી મીરાબેન પટેલ, ધારાસભ્ય શ્રી કૌશિક વેકરીયા, ધારાસભ્ય શ્રી જે.વી કાકડિયા, ધારાસભ્ય જનકભાઈ, જિલ્લા પંચાયતના પ્રમુખ શિલ્પાબેન, ગાંધીનગર શહેરના પ્રમુખ શ્રી આશિષભાઈ દવે,ઉપસ્થિત રહ્યાં હતા. આ યાત્રામાં સહકારી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, અન્ય સામાજિક અને સ્વૈછિક સંસ્થાના આગેવાનો ઉપસ્થિત રહી સરદાર યાત્રાનું પુષ્પો દ્વારા સન્માન કર્યું હતું.

ખાસ નોંધનીય બાબત એ છે કે કોબા સ્કૂલ, જે એમ ચૌધરી સ્કૂલ, ગુરુકુળ સ્કૂલ અને કડી સ્કૂલ વગેરે સંસ્થાના હજારો વિદ્યાર્થીઓ એ ત્રણેક કિલોમીટર જેટલી લાંબી માનવ સાંકળ રચી હતી. વિશેષમાં સરદાર પટેલના જીવનમાંથી લીધેલા પ્રસંગો અને સૂત્રો લખેલા બોર્ડ તથા પ્લે કાર્ડ વિદ્યાર્થીઓ લઈ ને આવ્યા હતા અને જય સરદારના નારા સાથે યાત્રાનું સન્માન કર્યું હતું . યાત્રાની ભવ્યતા એ હતી કે ૫૫૦ મીટર લાંબા તિરંગાને લઈને કડી કેમ્પસના વિદ્યાર્થીઓ યાત્રાની આગળ ચાલતા હતા.

ઉમિયા સંસ્થાન ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લાના રાજવી પરિવારો સ્વાતંત્ર સેનાનીના પરિવારોનું સન્માન આદરણીય મુખ્યમંત્રીશ્રી અને યાત્રાના સંયોજક ગોપાલભાઈના હસ્તે કરવામાં આવ્યું હતું.

છેલ્લે સેક્ટર ૩૦ સર્કલ ખાતે જ્યારે યાત્રા પહોંચી કે.જી વણઝારા સાહેબના નેતૃત્વ નીચે વણઝારા સમાજે તેમના પરંપરાગત પરિધાન સાથે ઢોલની તાલે ગરબા ગાઈ ને યાત્રાનું સન્માન કર્યું હતું.ગાંધીનગર મહાનગરમાંથી નીકળેલી યાત્રાએ ૨૦ાદ્વ જેટલો માર્ગ કવર કર્યો હતો. આ યાત્રાનું આયોજન અને સંકલન શ્રી મહેન્દ્રભાઈ દાસ (કન્વીનર),શ્રી રાજુભાઈ પટેલ (સહ કન્વીનર), સુરેશભાઈ પટેલ ડો.અનિલભાઈ પટેલ, પૂર્વીન પટેલ, જે. પી તાડા વગેરેએ કર્યું હતું. ઉમિયા સંસ્થાન ખાતે યોજાયેલ કાર્યક્રમનું સંકલન સંસ્થાના પ્રમુખ શ્રી અશોકભાઈ પટેલ, સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજ, સૌરાષ્ટ્ર લેઉઆ પાટીદાર સમાજ, કચ્છ કડવા પાટીદાર તથા ગાંધીનગર લેઉઆ પાટીદાર સમાજના અગ્રણીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ યાત્રાના સન્માનમાં જુદી જુદી જ્ઞાતિઓ,સામાજિક સંસ્થાઓ,બેંકો,બિલ્ડરો અને વ્યક્તિગત રીતે ૫૫૦ જેટલા હોલ્ડિંગ્સ લગાવીને આ યાત્રાને ભવ્યતા બક્ષી હતી.ખાસ કરીને પ્રિન્ટ મીડિયા, ઈલેક્ટ્રોનિક મીડિયા અને સોશિયલ મીડિયાએ આ યાત્રા નું કેમ્પેઈન કરી, તેમના દૈનિક પેપરો અને મીડિયામાં સ્થાન આપી ને જે સહયોગ આપ્યો છે એ બદલ યાત્રાના કન્વીનર મહેન્દ્રભાઈ, રાજુભાઈ પટેલ, ડો. અનિલભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, પૂર્વીન પટેલ, મનીશભાઈ પટેલ, કિંજલ, શૈલેશ પટેલ, રાકેશ પટેલ,ઉર્વીન પટેલે સાથે કાર્યકતાઓએ ખુબ ખુબ આભાર માન્યો છે.

# મેદસ્વિતા અને વજન નિયંત્રણ માટે સ્વાદિષ્ટ અને સ્વાસ્થ્ય પદ વાનગીઓ





મોડાસા

પરંપરાગત ધાન્યોની શક્તિ સ્વાદિષ્ટ વાનગીઓથી મેદ-સિતા ઘટાડો આજના ઝડપી જીવનમાં મેદ-સિતા અને વધતું વજન એક સામાન્ય સમસ્યા બની ગઈ છે આ સમસ્યાઓને નિયંત્રણ કરવા માટે સ્વાસ્થ્ય પદ આહાર એક મહત્વપૂર્ણ પગલું છે ઘરે બનાવેલી વાનગીઓ જે સ્વાદિષ્ટ હોય અને સાથે સ્વાસ્થ્યનું ધ્યાન રાખે દરેક પરિવાર માટે આદત છે આવી વાનગીઓ બનાવવાની સરળ હોય છે અને તેમાં પોષક તત્વોનું સંતુલન હોય છે જે વજન નિયંત્રણમાં મદદ કરે છે ઘરે સરળતાથી બનવાની શક્યતા અને તે દરેક વય જૂથ માટે યોગ્ય છે

આર ફાઈબરથી ભરપૂર હોય છે જે પાચનતંત્રની સ્વસ્થ રાખે છે અને લોબો સમય સુધી ભૂખ નથી લાગવા દેતું કિલો એ ગુજરાતી નાસ્તાની લોકપ્રિય વાનગી છે જેને સ્વાદ બનાવવા માટે મગની દાળ ચણાની દાળનું મિશ્રણ વાપરો દહીં અથવા લીલી ચટણી સાથે આ પ્રોટીનથી ભરપૂર વાનગી વજન ઘટાડવામાં મદદરૂપ છે રાગી એટલે નાચણીનો લોટ કેલ્શિયમ અને ફાઈબરથી ભરપૂર હોય છે આ વાનગી બાળકો અને યુવાનોને ખૂબ પસંદ આવે છે ખીચડી એક પૌષ્ટિક અને હલકો આહાર છે મગની દાળ અને બ્રાઉન રાઈટિંગ ખીચડીમાં શાકભાજી ગાજર ઉમેરો ઓઈલ નો ઉપયોગ કરો આ આહાર સમતોલ અને પચવામાં સરળ છે સવારના માટે એક ઉત્તમ વિકલ્પ છેબનાના સફરજન દહીં બદામ અને ક્રિયા બ્રેડ કરો ખાંડ ને બદલે મધનો ઉપયોગ કરો આ મુવી એન્જિન આપે છેઅને વજન નિયંત્રણમાં મદદ કરેછે આ વાનગીઓ ઓછી ગેલેરી પોષક તત્વોથી ભરપૂર અને ઘરે બનાવવામાં સફળ છે તે બાળકો યુવાનો અને વૃદ્ધો માટે યોગ્ય છે સ્વાદ પદ આહાર સાથે નિયમિત વ્યાયામ અને પૂરતું પાણી પીવું જોઈએ આવી વાનગીઓથી તમે સ્વાદ અને સ્વાસ્થ્ય બંનેનો આનંદ માણી શકો છો

# વનતારા કાયદાનું પાલન કરે છે, તેને કલંકિત ન કરો... SIT રિપોર્ટ રજૂ થયા બાદ સુપ્રીમ કોર્ટની ક્લિનચિટ





સુપ્રીમ કોર્ટે ૨૫ ઓગસ્ટના રોજ જામનગર સ્થિત વનતારા પ્રાણી પુનર્વસન કેન્દ્ર સામે ઉઠેલા ગંભીર આક્ષેપોની તપાસ કરવાના હેતુથી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ ની રચના કરી હતી. વનતારા સામેના આક્ષેપોમાં ગેરકાયદે રીતે પ્રાણીઓની ખરીદી, તેમને કેદમાં રાખીને અત્યાચાર તેમજ નાણાકીય ગેરરીતિ જેવા મુદ્દા સામેલ હતા. જો કે, એસઆઈટી રિપોર્ટ આવતા જ સુપ્રીમ કોર્ટે આ તમામ આરોપો ફગાવીને વનતારાને ક્લિનચિટ આપી છે. એટલું જ નહીં, આ આક્ષેપો કરનારાની પણ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ પંકજ મિત્તલ અને જસ્ટિસ પ્રસન્ના વરાલેની બેન્ચે ઝાટકણી કાઢી હતી.

વનતારા સામે પશુ-પક્ષીઓની ગેરકાયદે હેરાફેરી તેમજ હાથીઓને ગેરકાયદે રીતે ગોંધી રાખવાના આરોપ સામે તપાસની માગ કરાઈ હતી. જો કે, વનતારા સામે વિવિધ ફરિયાદો બાદ હાથ ધરાયેલી તપાસમાં જૈં એ તમામ મુદ્દાની વિગતવાર સમીક્ષા કરી હતી. આ તપાસને અંતે રજૂ કરાયેલા રિપોર્ટમાં કહેવાયું છે કે, વનતારામાં કોઈપણ પ્રાણીઓને ગેરકાયદે લવાયા નથી, તેમની સાથે દુર્વ્યવહાર કરાતો નથી અને તેઓ સામે ભ્રષ્ટાચારના પણ કોઈ પુરાવા નથી. આ ટીમે સ્પષ્ટ કર્યું છે કે, વનતારાની પ્રવૃત્તિ કાયદા અને નિયમોના કડક પાલન સાથે ચાલે છે અને તે મુખ્યત્વે પ્રાણીઓના સંરક્ષણ, બચાવ તથા પુનર્વસન માટે જ કાર્યરત છે.

આ દરમિયાન જસ્ટિસ પંકજ મિત્તલ અને પ્રસન્ના વરાલેએ ઓછા સમયમાં રિપોર્ટ આપનારી એસઆઈટીના વખાણ કર્યા હતા. એટલું જ નહીં, વનતારા તરફથી હાજર રહેલા સીનિયર એડવોકેટ હરીશ સાલ્વેએ કહ્યું હતું કે, અમે ઈચ્છીએ છીએ કે આ રિપોર્ટ જાહેર થાય. દુનિયામાં અનેક લોકો અમારી સાથે વ્યવસાયિક હરીફાઈ કરે છે, જેથી આ મુદ્દાનો દુરુપયોગ થઈ શકે છે. રિપોર્ટ રજૂ થયા બાદ સોમવારે સુપ્રીમ કોર્ટે જાહેર કર્યું કે, વનતારા 'કાયદાનું સંપૂર્ણ પાલન કરતી' સંસ્થા છે. આ સાથે કોર્ટે ચેતવણી પણ આપી છે કે, માત્ર શંકા કે પુરાવા વગરના આક્ષેપોને આધારે કોઈ સંસ્થાની પ્રતિષ્ઠાને કલંકિત કરવી યોગ્ય નથી. આવા દાવા વન્યજીવન રક્ષણ અને પ્રાણી કલ્યાણ માટેના સાચા પ્રયાસોને હાનિ પહોંચાડી શકે છે.આ દરમિયાન કોર્ટે જણાવ્યું છે કે, ભવિષ્યમાં પ્રાણીઓ સંબંધિત આ સ્થિતિ ઉપર નજર રખાશે, પરંતુ હાલ તો વનતારા કાયદાકીય અને નૈતિક ધોરણોને અનુરૂપ કાર્યરત હોવાથી તેને બદનામ ન કરવી જોઈએ. આ સુનાવણીમાં અરજદારે મંદિરના હાથીઓનો મુદ્દો ઉઠાવીને પણ વનતારા પર વિવિધ આક્ષેપ કર્યા હતા. આ અંગે સુપ્રીમ કોર્ટે પૂછ્યું હતું કે, 'તમને કેવી રીતે જાણ થઈ કે મંદિરના હાથીઓને સારી રીતે નથી રખાતા. આપણા દેશમાં અનેક બાબતો છે, જેના પર ગર્વ થઈ શકે. તેને કારણ વિનાના વિવાદોમાં ના ઢસડો. જો કોઈ હાથીઓ રાખવા ઈચ્છે છે અને નિયમોનું પાલન કરે છે, તેમાં ખોટું શું છે? નોંધનીય છે કે, આ કેસની તપાસ કરવા માટે રચાયેલી એસઆઈટીમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ જે. ચેલામેશ્વર, ઉત્તરાખંડ અને તેલંગાણા હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ રાઘવેન્દ્ર ચૌહાણ અને મુંબઈ પૂર્વ પોલીસ કમિશનર હેમંત નાગરાલે તેમજ વરિષ્ઠ આઈઆરએસ અધિકારી અનિશ ગુપ્તા સામેલ હતા.

# મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે શપથ ગ્રહણ કરતા ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી







ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ તારીખ ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૫, સોમવારના રોજ મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકે શપથ ગ્રહણ કર્યા છે. મુંબઈમાં રાજભવનના દરબાર હોલમાં આયોજિત શપથ ગ્રહણ સમારોહમાં મુંબઈ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશશ્રી ચંદ્રશેખરે આચાર્ય દેવવ્રતજીને રાજ્યપાલ પદના શપથ લેવડાવ્યા. રાજ્યપાલશ્રીએ સંસ્કૃત ભાષામાં શપથ ગ્રહણ કરતા ઉપસ્થિત સૌ કોઈમાં સુખદ આશ્ચર્ય ફેલાયું હતું.શપથ ગ્રહણ બાદ મુખ્ય ન્યાયાધીશશ્રી, મુખ્યમંત્રીશ્રી દેવેન્દ્ર ફડણવીસ અને ઉપમુખ્યમંત્રીશ્રી એકનાથ શિંદેએ રાજ્યપાલશ્રીને પુષ્પગુચ્છ આપીને અભિનંદન પાઠવ્યા. આ પ્રસંગે રાજ્યપાલશ્રીને ભારતીય નૌસેના તરફથી વિશેષ સન્માન આપવામાં આવ્યું.શપથ ગ્રહણ સમારોહની શરુઆતમાં રાષ્ટ્રગાન અને રાજ્યગાન સંપન્ન થયા બાદ મહારાષ્ટ્રના મુખ્ય સચિવશ્રી રાજેશ કુમાર દ્વારા રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ દ્વારા આચાર્ય દેવવ્રતજીને રાજ્યપાલ તરીકે નિયુક્તી અંગે બહાર પડાયેલી અધિસૂચનાનું પઠન કરવામાં આવ્યું. બાદમાં રાજ્યપાલશ્રીએ સંસ્કૃત ભાષામાં શપથ ગ્રહણ કરી પદભાર સંભાળ્યો હતો. ત્યારબાદ ફરીથી રાષ્ટ્રગાન અને રાજ્યગાન સાથે શપથવિધિ પૂર્ણ થઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રના પૂર્વ રાજ્યપાલશ્રી સી. પી. રાધાકૃષ્ણન ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ પર ચૂંટાયા હોવાના કારણે આ પદ ખાલી પડ્યું હતુ. જે અનુસંધાને રાષ્ટ્રપતિ દ્વારા ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીને મહારાષ્ટ્રના રાજ્યપાલ પદનો વધારાનો કાર્યભાર સોંપવામાં આવ્યો છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ







**N0G SS No 0059**
વિષય : શ્રાઘ્ધ
પ્રકાર : હાઈકુ પાંચ

પ્યારે શું શ્રાઘ્ધ
પિત્રૂ ઋણ મૂક્તી
સમય રેખા?

અર્પણ અને
તર્પણની મઘુર
યાદો ની યાદ ?

ડાહ્યો માનવી ?
પિત્રુઓને મોકલે
શ્રાધ્ધ, કાગ થ્રૂ !

પ્યારે, મા બાપ
હોય ઋણ અમૂલ્ય
ચુકતે? શ્રાઘ્ધ !

યાદો સતાવે
મા બાપના દેહાંતે
ચૂકવે શ્રાઘ્ધે ?

જયકાન્ત ઘેલાણી
પ્યારે'.

★★★★★★★

**NOGSS NO: 375**
વિષય : શ્રાદ્ધ
શીર્ષક : ઋણાનુબંધ
પ્રકાર :પદ્ય
શબ્દો : ૧૦૩

બીજ વગર તો સ્વયંભૂ કોઈ વૃક્ષ ઉગતું નથી,
પૂર્વજોની યોજના વગર જન્મ કોઈ લેતું નથી,

મળ્યાં હશે ઘણાંને વારસા ધન સંપતિ ને મકાનોનાં,
આવ્યા ક્યાંથી અનોખાં ગુણો જન્મજાત સ્વભાવમાં,

એક એક પેશીમાં છુપાયેલી એમની ગૂઢ છાપ છે,
રંગરૂપ, આંખો, નાકનકશો પણ એમની સોગાત છે.

આત્મા ન છેદાય, ન બળાય, ન ભીનો કે સૂકો થાય,
બ્રહ્માંડમાં ઊર્જાનો નાશ અસંભવ વિજ્ઞાનમાં મનાય,

તૃપ્ત જો હોય તો બમણું ફળ આપે એ જીવાત્મા,
અધૂરી ઈચ્છાઓ અને સંકલ્પોમાં પીડાય આલોકમાં

પિતૃઓના જીવોની મૂંઝવણ દૂર કરી માર્ગ દેખાડવો,
યથાશકિત પ્રમાણે તર્પણ કરી ધર્મ વંશજનો પાળવો.

બીજમાં પુષ્પનું ભાવિ અને પુષ્પમાં સર્જનનું બીજ છે ,
પિતૃઓના ભૂત સાથે વર્તમાનનું ઋણાનુબંધ છે.

—જાગૃતિ દોશી , મોક્ષા

★★★★★★★

**NOG SS 0092**
વિષય- શ્રાદ્ધપક્ષ
શિર્ષક- સહેલું નથી
પ્રકાર - પદ્ય શબ્દ-૧૪૭

પિતૃ ઋણ, માતૃ ઋણ, ગુરુ ઋણ,
ઉતારવું એમ કંઈ સહેલું નથી.
રૂંવે રૂંવું કરજદાર છે એમનું,
શબ્દોથી વર્ણન એનું સહેલું નથી.

પિતૃઓ સહુથી પહેલા છે દેવતા,
મળ્યા રંગ, રૂપ, કાઠીને ગુણોનો વારસો.
ધન, સંપદા સઘળી આપી,
તર્પણ જો ચૂકો તો છૂટવું સહેલું નથી.

કેટલાયે બલિદાન ને સમર્પણ કીધા,
તમારા મુખ જોવા ખાતર.
વિસરી જવાય છે સમયની ઘટમાળમાં,
ભૂલીને આગળ નીકળવું સહેલું નથી.

નામ આપ્યું વંશનું ને કીર્તિના વારસદાર કીધા,
વ્યક્તિત્વમાં તમારા ઝાંખી જે વર્તાય છે.
એ શીળી છાંયા આપનાર વડલાઓને ભૂલી,
દુનિયાના તાપમાં શેકાવું સહેલું નથી.

ક્યાં રોજ કોઈ વિધિ વિધાનની છે ચાહના?
યાદોનું પુનર્જીવન ક્યારેક ચાહે છે એ.
કરી શ્રધ્ધાથી શ્રાધ્ધ તિથિએ નમી જાઓ,
એ આશિષ વિના અસ્તિત્વ ટકાવવું સહેલું નથી.

કૃતજ્ઞતાનો ભાવ રાખો સદા હૈયે,
પખાળી દો અશ્રુથી ચરણો.
ઉપકારોને હૈયે રાખી, આભારી રહ્યાં વિના,
તમારું આભને આંબવું સહેલું નથી.

અલકા નવિનચંદ્ર મહેતા

★★★★★★★

**NOG SS NO: 403**
વિષય-શ્રાધ્ધ
શિર્ષક-શ્રાધ્ધનુ મહત્વ
પ્રકાર-ગદ્ય
શબ્દો-૩૧૮
શ્રાધ્ધ
શ્રાધ્ધ એ ભારતમા હિન્દુ સનાતન ધર્મ માટે એક પવિત્ર દિવસો છે.
ભાદરવા મહિનામા શુક્લ પક્ષ ના પંદર દિવસો બહુ પવિત્ર ગણાય છે.
શુક્લ પક્ષ ભાદરવા પૂનમ થી પહેલુ શ્રાધ્ધ ગણાય છે.આસો મહિના ની અમાવાસ્યા એ છેલ્લુ શ્રાધ્ધ હોય છે.
શ્રાધ્ધ એ પિત્રુશાંતિ માટે ના દિવસો હોય છે.
કુટુંબ મા આગળ કોઈ નુ મ્રૃત્યુ થયુ હોપ તેમની શાંતિ માટેની આ વિધી છે.
આ દિવસો માં લોકો મંદીર માં જઈ ને અથવા ઘરે મહારાજ ને બોલાવીને તર્પણ કરે છે.એવુ માનવામાં આવે છેકે આ વિધી કરવાથી વડીલોને શાંતા મળે છે અને તેમનો આત્મા ત્રુપ્ત થાય છે.
શ્રાધ્ધ વીધીમાં અનાજ નુ સીધુ મુકવામાં આવે છે,તેમાં ચોખા,દાળ,શાક,ફળ,કાળા તલ,સફેદ તલ,ગોળ,ઘી,તેલ, અને મહારાજ માટે કાપડ તથા રોકડ રકમ મુકવામા આવે છે. તો કોઈ બ્રહ્મ ભોજન કરાવે છે.
આ દિવસો માં પિત્રુ ઓ પ્રૃથ્વી પર આવતા હોય છે. અને તેમના સંતાનો ને આશીર્વાદ આપતા હોય છે.
ખાસતો જમણવાર મા ખીર કે દૂધપાક બનાવવામાં આવે છે.તેનુ વૈજ્ઞાનિક કારણ એ પણ છે કે આ દિવસો માં ભાદરવાનો તડકો બહુ જહોય,લોકો ને પિત્તની સમસ્યા રહેતી હોય છે તો દૂધની આઈટમ ખાવાથી પિત્ત થતુ નથી.
સવારે ઘરની અગાસીમા રોટલી અને ખીર કાગડાને ખવરાવવા માં આવે છે તેનુ કારણ એ છે કે આ મહિનામાં કાગડીઓ ગર્ભવતી બનતી હોય છે તેથી પશુ- પક્ષી ઓને ખવરાવીને લોકો માં ભલમનસાઇનુ શિક્ષણ મળે છે. ગાય તથા કુતરા ને રોટલી ખવરાવવી, એ રીતે આપણા શાસ્ત્રો આપણને આરીતે દયાભાવ શીખવે છે.

આ દિવસો માં સવારે પીપળાને પાણી રેડવામાં આવે છે.પીપળો આપણને પ્રાણવાયુ પુરો પાડે છે તેથી આપણે તેના ઉપકાર ને આરીતે ભૂલતા નથી.

આપણા શાસ્ત્રો વૈજ્ઞાનિક રીતે જ લખાયેલા છે પણ લોકોને સરસ રીતે સમજાય તેમાટે આવા નિયમો બનાવ્યા છે.
આજના દોડાદોડીના સમય મા મંદિર મા જવાનો સમય ન હોય તો ઘરે પૂર્વ દીશામા મોં રાખી હથેલી માં પાણી લઈ ને પૂર્વજો ને અંજલિ આપી શકાય. દિલથી કરેલુ કોપણ કાર્ય થી વડીલો આશીર્વાદ આપે જ છે.
અમાસ ના દિવસે અકસ્માત મા કે અઘટિત મ્રૃત્યુ થયુ હોય
કોઈ વડીલોની તીથી યાદ નહોય,તો અમાસ ને દીવસે સર્વ પિત્રુ અમાસ ના દિવસે કરી શકાય છે.
પન્ના પાઠક - વડોદરા

★★★★★★★

**NOG*SS*NO. 0185**
વિષયઃ ''શ્રાદ્ધ પક્ષ''
શીર્ષક : ઋણમુક્તિએ શ્રાદ્ધ
પ્રકાર : પદ્ય (કાવ્ય ) - શબ્દો : ૧૧૦

અખંડ શ્રદ્ધાથી શ્રાદ્ધ કરું પિતૃપક્ષમાં, ઋણથી વિમુક્ત થાઉં,
ભાદરવામાં સોળ સંસ્કારનું જતન કરી, તર્પણથી મુક્ત થાઉં,

દેવ, ઋષિ ને પિતૃ ઋણથી, શ્રદ્ધાએ વિધિઓથી મુક્તિ અનેક,
પિતૃ ઋણે પિંડદાન થાય, ને પિતૃઓના આશીર્વાદ મળે અનેક,

નિમી ઋષિએ પરંપરા સ્થાપિ, ને શાશ્વત પુણ્યે મહિમા અનેક,
બ્રાહ્મણ ભોજન ને પંચબલી ભોજને, તૃપ્તિનો મહિમા અનેક,

માવતર જીવતે જીવ સુખ પામે, તે સાચું શ્રાદ્ધ જીવતાં ગણાય,
ઘડપણે સેવા સંતોષી કરીએ, તે પિતૃ તર્પણ સમતુલ્ય ગણાય,

મૃત્યુ પછી જરૂર નહીં વાસની, જીવતાં જ મહત્વ સહવાસનું,
હેતુ શ્રાદ્ધનો પવિત્ર, ભાવના સાચી સમજતા નથી સહવાસની,

વૃદ્ધાશ્રમોમાં ઘડપણ રીબાય અશ્રુએ, ને દેખાવ શ્રાદ્ધનો થાય,
'ઝરૂખો' કહે હૈયે પ્રેમ વસે તો, વૃદ્ધાશ્રમો સમાજે ઓછા થાય.

દિલીપ સી. સોની 'ઝરૂખો' અમદાવાદ.

★★★★★★★

**NOG SS NO -0050**
વિષય - શ્રાદ્ધ
શીર્ષક - તર્પણ કરીએ.
પ્રકાર - પદ્ય, શબ્દ - ૧૦૫.
.................................... આજકાલ રિસાયા કાગડા ભાઈઓ ,
જીવતા જીવને આપ્યું નહીં ખાવાનું ,
શ્રાદ્ધમાં શું યાદ કરો છો ,
માનવ છે સ્વાર્થી પ્રાણી કહે કાગડાભાઈઓ?..!
અચંબિત થઈ પિતૃઓની કાગ સભા મળી ,
કોનાં ઘરે જમવા જવું આપણે , મોટાના ઘરે જઈએ તો નાનાને ખોટું લાગે
વૃદ્ધ કાગડાભાઈએ કહ્યું ...!
સૌ ખવડાવે શ્રાદ્ધમાં ખીર, પૂરી, ભજીયાં ,લાડવા, જલેબી ,
જો શ્રધ્ધાથી જમાડે તો ખાજો પ્રેમથી ,
પ્રભુ પ્રાર્થના કરજો પિતૃ થશે તૃપ્ત ,
રૂપ નથી રંગ નથી કાગઋષિનું વરદાન...!
ફરજ બજાવીએ આપણે ખાઈને પિતૃદેવ સુધી પહોંચાડીએ , પીપળા,વડ જેવાં વૃક્ષો વિષ્ટા થકી થાય આપણાં ,
પિતૃ તર્પણ કરે તેને સ્વીકારજો ફરી ભૂ પર ઉપર આવીને, કાગડાના માધ્યમે આત્માનું મિલન કરાવે ...!

જ્યાં સુધી સૂર્ય ,ચંદ્ર , તારલાં રહેશે ,
ત્યાં સુધી શ્રધ્ધા પૂર્વક કરશું દાન, એક સેતુ છે ભૂતકાળને ભવિષ્યનો સોનેરી પુલ આતો..!

રાગિની શુક્લ "રાગ" મુંબઈ

★★★★★★★

**NoG SS No : 223.**
વિષયઃશ્રાદ્ધ પક્ષ
શીર્ષકઃછે શ્રાદ્ધ પક્ષ
પ્રકારઃપદ્ય
શબ્દ સંખ્યાઃ૧૧૮
કરો હૃદયથી પુણ્ય સ્મરણ એ પૂર્વજોનુ છે શ્રાદ્ધ પક્ષ

તમે ફળ પામ્યા તેનુ મૂળ જે તે પવિત્ર આત્મા ઓનુ છે શ્રાદ્ધ પક્ષ

પૂજ્ય પૂર્વજો માતૃપિતૃ ગુરુઋણ સ્મૃતિ સ્નેહપર્વ છે શ્રાદ્ધ પક્ષ

દુર વિદેશે વસતા સંતાનોને દિવ્યસંદેશ છે શ્રાદ્ધ પક્ષ

વિજ્ઞાન કહે છે ડી .એન.એ.તમ અંતિમ ઓળખ તેનુ છે શ્રાદ્ધ પક્ષ

દેશ સ્વાતંત્ર્યસંગ્રામ થી
આભાર - નિહારીકા રવિયા આજ સરહદ ના શહીદોનુ છે શ્રાદ્ધ પક્ષ

આપણી સંસ્કૃતિ.ઈતિહાસ.સનાતન ની ઓળખ છે શ્રાદ્ધ પક્ષ

કરો આજ વિદ્યાદાન.વૃક્ષદાન.રક્તદાન એ છે શ્રાદ્ધ પક્ષ

પક્ષ -વિપક્ષ આસ્તિક-નાસ્તિક ના કરો સનાતન છે શ્રાદ્ધ પક્ષ

એક પખવાડિયુ.પક્ષ જ નહિ જીવન મુલ્યબોધ છે શ્રાદ્ધ પક્ષ

પૂર્વજોના સંઘર્ષસેવા.સ્નેહસમર્પણ .પરિવાર એકતા છે શ્રાદ્ધ પક્ષ

શ્રાદ્ધાવાન બની પામો શાશ્ર્વત અદ્વૈત
સદા છે શ્રાદ્ધ પક્ષ
-દેવેન્દ્ર આચાર્ય

★★★★★★★

**NOG SS NO - 191**
વિષય : શ્રાધ્ધ
શીર્ષક : કાગડો બની આવવુ નથી...
પ્રકાર - પદ્ય શબ્દો : ૧૦૯

જા તારા આંગણે કાગડો થઈ હવે આવવું નથી.
જા તારો પિતા કે પિતૃ થઈ છાપરે ઊડવું નથી.

ઘરમાં એક ખાટલોય પોસાતો ન હતો અમારો.
જા તારી અગાસી એ આવી ને હવે બેસવું નથી.

એકલા એકલા બેસી ને દિવસ કાઢ્યા હતા કેવા,
જા તું હવે મને બોલાવે છે તો પણ બોલવુ નથી.

એક રોટલી માટે કેવા ટળવળતા હતા અમે ભાઈ,
જા તારું બત્રીસ જાતનું ભોજન હવે જમવું નથી.

અવાજ દઈ ને થાકતા તો પીવા પાણી ના મળતું,
જા તારા જળ ભરેલા કટોરા ને હવે અડવું નથી.

શ્રધ્ધા વગર નું શ્રાધ્ધ નાખે છે હું જમવાનો નથી,
મોક્ષ મળે કે ના મળે હવે તારા હાથ નું ખાવુ નથી.

વિનોદ સોલંકી મિત્ર લખતર.

★★★★★★★

**NOG SS No.: 0141**
વિષયઃ "શ્રાદ્ધ પક્ષ"
શીર્ષકઃ "ચાલો પગલે!"
પ્રકારઃ પદ્ય / અછાંદસ હાઈકુ કવિતા. શબ્દોઃ ૧૨૦.

અવગતનો ઉદ્ધાર કોણે જાણ્યો શ્રાદ્ધ થકીને
દેખંતો કો'નો મોક્ષ થયો જીવતાં ભાવિ ભાખીને

ફણગે અંશ મને હોયે તૃષ્ણા બળતી કાંધ
કરશે કોણ અણકહિં અતૃપ્ત ઈચ્છાનું શ્રાદ્ધ

વિના આદર તો શ્રાદ્ધ કર્મકાંડ વ્યર્થ નામનો
પિતૃ લોકમાં પહોંચી જ જણાય અર્થ શ્રાદ્ધનો

સ્વર્ગ ગયા જે શ્રાદ્ધની જરૂર ના કર્યું જીવતાં
સદકરમ કરી ભૂખ મિટાવી થાઓ હાલતાં

અહીંથી તહીં મોકલવાનો પુલ શ્રાદ્ધ શ્રધ્ધાનો
સૌના પક્ષમાં શ્રદ્ધા હો નિઃશંક છોડી વિધાનો

ખોટી ભાવના મૂળે માનવું પિતૃ પ્રેત લોકમાં
દ્રઢ માનવું માવતર વસેલાં છે વૈકુંઠમાં

માબાપ કેરી સ્મૃતિ રહે જળતી ઉત્તમ શ્રાદ્ધ
ચાલો પગલે દિપાવવા સંસ્કાર કોઈ ન બાધ

રચયિતાનું નામઃ રસિક વ. પરમાર, "રવ" ગામઃ વસાઈ-ફિંચાલ (પાટણ, ઉ.ગુ.)

★★★★★★★

**NOG SS No : 0110**
વિષય- શ્રાદ્ધ પક્ષ
શીર્ષક- ''શ્રાદ્ધનું સાચું તર્પણ''
પ્રકાર- ગદ્ય-લેખ શબ્દ- ૩૪૮
હિન્દુ ધર્મ પ્રમાણે ભાદરવા માસના કૃષ્ણપક્ષની એકમથી શરૂ થઈ અમાસ સુધી પોતાના પિતૃ અને પૂર્વજોને યાદ કરી શ્રદ્ધાપૂર્વક તર્પણ કરવાના શ્રેષ્ઠ દિવસો તરીકે ગણાયા છે, જેને શ્રાદ્ધપક્ષ પણ કહેવાય છે. શાસ્ત્રો અને પુરાણો અનુસાર સૃષ્ટિના આરંભકાળે સૃષ્ટિના રચયિતા બ્રહ્માજીએ પિતૃ અને પૂર્વજોને શ્રદ્ધાથી અને સમર્પિત ભાવથી તર્પણ આપવા માટે શ્રાદ્ધપર્વની ઉત્પત્તિ કરી હતી અને પિતૃઓને પિંડદાન કરવા પણ સૂચવ્યું હતું. મૃત્યુલોકમાં સૌ પ્રથમ નિમિ રાજાએ આ શ્રાદ્ધની વિધિ કરી હતી. ત્યારબાદ યુગોથી આ પ્રથા આપણે અનુસરતા આવ્યાં છીએ.

શ્રાદ્ધ એટલે (શ્રદ્ધાથી જે અપાય તે શ્રાદ્ધ છે.) પિતૃઓનું હંમેશા આપણા ઉપર ઋણ રહ્યું છે. તેમના દ્વારા આપણને જીવન મળ્યું અને આ સમાજમાં નામ અને સ્થાન મળ્યું. તેમના પ્રત્યે આપણી કૃતજ્ઞતા ચૂકવવાનો આ અવસર છે. શ્રાદ્ધપક્ષમાં પોતાના પિતૃ અને પૂર્વજોને નમ્રતાથી યાદ કરીને પુરા સન્માન અને આદરથી તેમના વંશજ તરીકે જ્યારે તર્પણ આપીએ છીએ ત્યારે પિતૃઓના આત્મા ચોક્કસ તૃપ્ત થાય છે અને તેમના આપણા પ્રતિ આશીર્વાદ વરસે છે.

શ્રાદ્ધના દિવસે આપણે આજના સમયમાં યંત્રવત્ દૂધપાક અથવા ખીર, પુરી, ભજીયા, શાક, દાળ અને ભાતનું ભાવતું ભોજન બનાવીને તેનો કાગવાસ પિતૃઓને ધરીએ છીએ. કાગડાનું આયુષ્ય મનુષ્ય કરતાં ખૂબ લાંબુ હોય છે અને એવું મનાય છે કે તેમણે આપણા પિતૃઓને જોયાં છે. આથી કાગડાના માધ્યમ દ્વારા આપણું તૈયાર કરેલું ભોજન આપણે પિતૃઓ સુધી પહોંચાડ્યાનો સંતોષ મેળવીએ છીએ. કાગડી ભાદરવા મહિનામાં સગર્ભા થતી હોય છે તેથી તેને માટે અન્ન અને પાણીની વ્યવસ્થા થઈ રહે તો પિતૃઓ પણ ખુશ રહે અને આ અબોલ જીવ પણ પ્રસન્ન થાય એવા ઋષિમુનિઓના તર્ક સાથે કાગવાસ નાખવામાં આવે છે.

આજના બદલાયેલા સમયમાં અને ઝડપી યુગમાં નવી પેઢીની ઘણી વ્યક્તિ વિશ્વના કોઈ ખૂણે દૂર રહેતી હોય છે. સ્થળ અને સમયની મર્યાદા અનુસાર શ્રાદ્ધ વિધિ કરવી અને કાગવાસ ધરવો અમુક વખત મુશ્કેલ બની જાય છે. આવા સમયે આધુનિક વિચારધારા કે બદલાયેલી વિચારશૈલી અનુસાર વિસ્તૃત અર્થમાં શ્રાદ્ધપક્ષમાં પિતૃઓને શ્રદ્ધાપૂર્વક યાદ કરીને અબોલ પશુ-પક્ષીઓ તથા ગરીબો અને વૃદ્ધોને અન્નદાન, વસ્ત્રદાન, સમયદાન અને જરૂરિયાત મંદોને આર્થિક મદદ કરીને પણ પિતૃ અને પૂર્વજોને દિલથી સાચું તર્પણ આપી શકાય છે જેનાથી એમના આશીર્વાદ હરહંમેશ આપણી સાથે રહે અને આપણી સુખ-સમૃદ્ધિના સાક્ષી બને.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

★★★★★★★

**NOG.SS.No.0098**
વિષયઃ- શ્રાદ્ધ
પ્રકારઃ- ગધ્ય
શીર્ષકઃ- શ્રદ્ધા
શબ્દઃ- ૨૨૫

શ્રાદ્ધ એટલે શ્રદ્ધા. ભાદ્રપક્ષનો કૃષ્ણ પક્ષ એટલે શ્રાદ્ધ પક્ષ. અર્પણ અને તર્પણના સંબંધ એટલે શ્રાદ્ધ .હિન્દુ ધર્મમાં પિતૃપક્ષને પૂર્વજોની શાંતિ અને આશીર્વાદ પ્રાપ્ત કરવાના સૌથી પવિત્ર સમય ગણાય છે .આ દરમિયાન કરાયેલા બધા કર્મકાંડ સીધા પિતૃ સુધી પહોંચે છે .પિતૃ પક્ષ માં આપણા મૃત્યુ પામેલા સ્વજનોને યાદ કરી જળદાન, અન્નદાન અને પિંડદાન કરવાથી પિતૃને તૃપ્ત કરી એમનું આશીર્વાદ પામીએ છીએ .જ્યોતિષ અને ધાર્મિક માન્યતા અનુસાર પિતૃ પક્ષમાં કાગડો પિતૃઓના અને કુતરા યમરાજના પ્રતીક ગણાય છે. એમને ભોજન કરાવવું આત્માને શાંતિ અને પિત્તરોની તૃપ્તિ નો સંકેત છે. ગરુડ પુરાણમાં પિંડદાન કે શ્રાદ્ધ ભોજમાં તુલસીના પાન મહત્વ નું છે .

મિથિલા નગરી ના નરેશ નિમિ હતા જેમણે મૃત્યુલોકમાં સર્વપ્રથમ શ્રાદ્ધ કર્યું હતું .માર્કંડે પુરાણમાં રુચિનામક ઋષિએ પૂર્વજોને ની શાંતિ માટે એક શ્લોક લખ્યું જેમ ને "રુચિ મુનિ કૃત પિતૃ " સ્ત્રોત નામ આપ્યું .શ્રાધ પક્ષમાં આ પાઠ કરવાથી પિતૃ પ્રસન્ન થાય છે .

પિતૃદોષ એક ગંભીર જ્યોતિષીય દોષ છે .જો પૂર્વજોના અપમાન કે અધાર્મિક કર્મોના કારણ થી ઉત્પન્ન થાય છે .જે પીઢી દર પીઢી બન્યો રહે છે .આને દૂર કરવા માટે તર્પણ, શ્રાદ્ધ, પીપલ ના ઝાડ પર જળ અને દીપ અર્પણ, શિવ પૂજન ,વડીલોનું સન્માન, હનુમાનજીની પૂજા, મંગલ યંત્ર ની સ્થાપના ,પંચમુખી રુદ્રાક્ષ ધારણ કરવા ....આવા ઘણા ઉપાયો છે .આ બધા ઉપાયો પણ સંપૂર્ણ વિધિ વિધાન અને શ્રદ્ધાથી કરવાથી જ પિતૃદોષથી મુક્તિ અને જીવનમાં શાંતિ જળવાય છે .

મિત્રો, જીવતા માં બાપ ને આપણે પોતાના કૃત થી તૃપ્ત કરી દઈએ તો જીવન નો ઉધ્ધાર જ થઈ જાય છે. આ મારો સ્વ નો વિચાર અને અનુભવ છે. પિતૃ દેવાય નમઃ
લીના શર્મા, હાલોલ.

# ઉદયપુરવાસીઓ મન મુકીને ગરબે ઘૂમ્યા વાઈબ્રન્ટ ગુજરાત કલ્ચરલ પ્રોગ્રામમાં







ગુજરાતી અને મેવાડી સંસ્કૃતિને ઉજાગર કરતો 'વાઈબ્રન્ટ ગુજરાત પ્રી-નવરાત્રિ ફેસ્ટિવલ'-૨૦૨૫ ઉદયપુર ખાતે યોજાયો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'એક ભારત, શ્રેષ્ઠ ભારત વિઝન' હેઠળ ''વસુધૈવ કુટુંબકમ''ની ભાવનાને આગળ ધપાવતા ગુજરાત અને રાજસ્થાન વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાનના ઉદ્દેશ્ય સાથે રવિવારે ઉદયપુરના ફીલ્ડ ક્લબ સંકુલમાં યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત કલ્ચરલ પ્રોગ્રામ ૨૦૨૫માં સંસ્કૃતિઓનો અનોખો સંગમ જોવા મળ્યો. વાઈબ્રન્ટ ગુજરાત કલ્ચરલ પ્રોગ્રામમાં ઉદયપુર વાસીઓ મન મુકીને ગરબે ઘૂમ્યા હતા.

ગુજરાત પ્રવાસન નિગમના ઉપક્રમે આયોજિત આ પ્રકારના પ્રથમ-અનોખા કાર્યક્રમનો શુભારંભ પંજાબના રાજ્યપાલ તથા ચંદીગઢના વહીવટદાર શ્રી ગુલાબચંદ કટારિયાના હસ્તે તેમજ ગુજરાતના પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

કાર્યક્રમના મુખ્ય અતિથિ પંજાબના રાજ્યપાલ-ચંદીગઢના વહીવટદાર શ્રી ગુલાબચંદ કટારિયાએ કહ્યું કે, ઉદયપુર જેવા ઐતિહાસિક અને સાંસ્કૃતિક શહેરમાં વાઈબ્રન્ટ ગુજરાત કલ્ચરલ પ્રોગ્રામનું આયોજન આપણા સૌ માટે ગર્વની બાબત છે. ઉદયપુર, જેને તળાવોની નગરી કહેવામાં આવે છે, અને ગુજરાત, જેને જીવંત સંસ્કૃતિ અને સમૃદ્ધ વારસા માટે ઓળખવામાં આવે છે, બંનેનો સંગમ અદભૂત સંયોગ છે. આ પ્રકારના કાર્યક્રમો આપણા ભારતીય સાંસ્કૃતિક વારસાને વધુ મજબૂત કરશે. સાથે સાથે ભારતને પ્રવાસનના ક્ષેત્રમાં વૈશ્વિક નકશા પર વધુ મજબૂતાઈથી સ્થાપિત કરશે.

શ્રી કટારિયાએ ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરતા કહ્યું કે, આ પ્રકારના આયોજનો દ્વારા કલાકારોના માધ્યમથી બંને રાજ્યોને જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે ભારતની તાકાત તેની વિવિધતા અને સંસ્કૃતિમાં છે. આ વિવિધતા જ આપણને દુનિયાના સૌથી આકર્ષક પ્રવાસન સ્થળ તરીકે પ્રસ્થાપિત કરે છે. ગુજરાત હોય કે રાજસ્થાન, આપણા તહેવારો, આપણી નૃત્ય પરંપરાઓ, લોકગીતો, ખાવા-પીવાનું અને શિલ્પકલા, આખી દુનિયાને ભારતીય સંસ્કૃતિની ઝલક બતાવે છે. ગુજરાત અને રાજસ્થાન જેવા રાજ્યો સાંસ્કૃતિક આદાન-પ્રદાન, પ્રવાસન વિકાસ થકી દેશના આર્થિક સશક્તીકરણમાં અગ્રણી ભૂમિકા ભજવી રહ્યા છે. આજનો આ કાર્યક્રમ એ જ કડીનો ભાગ છે, જે સંદેશ આપે છે કે પ્રવાસન માત્ર આર્થિક જ નહિ, પરંતુ સાંસ્કૃતિક એકતાનું માધ્યમ પણ છે.ગુજરાતના પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈએ જણાવ્યુ કે, રાજસ્થાન અને ગુજરાતનો સંબંધ બહુ જૂનો અને મજબૂત છે. ખાણી-પીણી, રહેણી-કરણી તેમજ પરંપરાઓમાં તેની ઝલક જોવા મળે છે. આજના આ આયોજનમાં ગુજરાતના ભોજનનો સ્વાદ પણ છે અને પરંપરાગત ગરબાની ઝલક પણ. આ આયોજન બંને રાજ્યો વચ્ચેના અતૂટ સંબંધને વધુ મજબૂત બનાવશે.

આ ગરબામાં મોટી સંખ્યામાં ખેલૈયાઓ પરંપરાગત વસ્ત્રોમાં ભાગ લીધો હતો. કોઈએ ગુજરાતના લોકજીવનને દર્શાવતી ચણિયા ચોળી અને કેડીયુ તથા ચોરણા ધારણ કર્યા, તો કેટલાક ખેલૈયાઓએ રાજપૂતાના ગૌરવનું પ્રતિનિધિત્વ કરતા ધોતી-કુર્તા અને મેવાડી પાગ અથવા મારવાડી સાફા સાથે અલગ જ છટા પાથરી હતી. ગુજરાતના પરંપરાગત લોકગીતો અને લોકનૃત્યની ધુન પર થનગનતા પગ એક ભારત-શ્રેષ્ઠ ભારતનું દિગ્દર્શન કરતા હોય, તેવો માહોલ સર્જાયો હતો.

આ પ્રસંગે રાજ્યસભા સાંસદ શ્રી ચુન્નીલાલ ગરાસિયા, શહેરના ધારાસભ્ય શ્રી તારાચંદ જૈન, ગુજરાતના પ્રવાસન સચિવ રાજેન્દ્ર કુમાર, ગુજરાત પ્રવાસન નિગમના મેનેજિંગ ડાયરેક્ટર પ્રભવ જોશી, ભૂતપૂર્વ મંત્રી હરીશ રાજાણી, સમાજસેવી ગજપાલ સિંહ વગેરે વિશિષ્ટ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા.

ઉત્સવના શુભારંભ સાથે જ લોકસંસ્કૃતિની રંગત છવાઈ ગઈ હતી. પ્રારંભમાં આકર્ષક પરંપરાગત ગુજરાતી લોક પ્રદર્શન યોજાયું. તેમાં તલવાર રાસ, ગોફ ગુંથણ અને મણિયારો રાસની રજૂઆતોએ મંત્રમુગ્ધ કરી દીધા.ત્યાર બાદ રાજસ્થાનના આત્મા સમુ ઘૂમર નૃત્ય શરૂ થયું, તેમાં જાણે કે આખું સંકુલ જ સાંસ્કૃતિક સમાગમનું પ્રતિબિંબ બની ગયું. મનમોહક રજૂઆત પછી, જાણીતા પાર્શ્વગાયક પાર્થિવ ગોહિલે ગુજરાતના પરંપરાગત લોકગીતોની એકથી એક ચડિયાતી રજૂઆતો આપી સૌને જાણે મોહિત કરી દીધા.આયોજન દરમિયાન ગુજરાતી ગરબાની સાથે પરંપરાગત ગુજરાતી વ્યંજનોના પણ સ્ટોલ્સ સજાવવામાં આવ્યા હતા. તેમાં ખેલૈયાઓએ ગુજરાતના સ્વાદિષ્ટ પરંપરાગત વ્યંજનો ખમણ-ઢોકળા, ફાફડા સહિત અનેક પ્રકારની વાનગીઓની લિજ્જત માણવાની તક પણ મળી હતી.

## હિસાબની માગણી કરતા દંપતી અને પુત્રીએ મહિલાને માર માર્યો, જાનથી મારી નાખવાની ધમકી આપી




વિસનગર શહેરની વૃંદાવન હેરિટેજ ટાઉનશિપમાં એક મહિલા પર હુમલાનો બનાવ સામે આવ્યો છે. પટેલ સંજય ગેડી, તેમની પત્ની જયશ્રીબેન અને પુત્રી મોક્ષા હાથમાં લાકડી અને ધારીયું લઈને જૈના હરિકૃષ્ણ બ્રહ્મભટ્ટના ઘરે પહોંચ્યા હતા.

જૈનાબેન તેમના પુત્ર તેજન સાથે ઘરે હતા અને તેમના પતિ બજારમાં ગયા હતા. આરોપીઓએ જોરથી દરવાજો ખખડાવ્યો હતો. સંજય ગેડીએ જૈનાબેનના પતિ ગોપી સાથે હિસાબ કરવાનો હોવાનું જણાવ્યું હતું. જૈનાબેને હિસાબની જાણકારી ન હોવાનું કહી શાંતિથી વાત કરવા જણાવ્યું હતું.આ દરમિયાન સંજય ગેડી અપશબ્દો બોલવા લાગ્યા હતા. જૈનાબેને પોલીસને ફોન કરવા જતા તેમના હાથમાંથી ફોન છીનવી લેવામાં આવ્યો હતો. આરોપીઓએ જૈનાબેનને બે-ત્રણ લાફા મારી દીધા હતા. મોક્ષાએ જૈનાબેનના દીકરા પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો.આજુબાજુના લોકો ભેગા થઈ જતા આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી જતા રહ્યા હતા.

## મહેસાણાની શાળાની પહેલ, દફતરનો ભાર ઓછો કરવા ઈનોવેટિવ બેગ બનાવી અને બાળકોને વિનામૂલ્યે આપી

બાળકોમાં ઓર્થોપેડિક સમસ્યાઓ ઝડપથી વધી રહી છે. ભારે સ્કૂલબેગને કારણે સમયસર ધ્યાન ન આપીએ તો બાળકના શરીર પર ગંભીર અસર થતી હોય છે. મહેસાણા શહેરની એક્ઝોટિકા, અક્ષર વિદ્યામંદિરમાં નર્સરીથી ધોરણ ૧૨ સુધીના ૧૮૦૦ વિદ્યાર્થીઓના ધોરણ પ્રમાણે બેગ બનાવીને બાળકોને આપીને બાળકોના ખભા પરનો ભાર હળવો કરવાનો સફળ પ્રેરણાદાયી પ્રયાસ કરાયો છે.

શાળા સંચાલક રજનીકાંત પટેલે જણાવ્યું કે, એક પટ્ટાવાળી બેગ ખભા પર અસમાન ભાર નાખે છે, જ્યારે બે પટ્ટાવાળી બેગ વજનને સમાન વહેંચે છે. સ્કૂલમાં બાળકના વજન પ્રમાણે કેટલા કિલો સુધીની વજન સાથે હોવો જોઈએ તેનો ચાર્ટ બનાવ્યો છે.

એક્ઝોટિકા સ્કૂલે બાળકના ખભે ભાર હળવો કરતી આ પહેલ કરી૧. ધોરણ પ્રમાણે નાની ઈનોવેશન બેગ બનાવી ફ્રીમાં આપી. તેથી બાળકો વધારાની વસ્તુઓ ભરે જ નહી.

૨. પાઠ્યપુસ્તકોને પ્રકરણ પ્રમાણે છૂટા પાડી માસ વાઈઝ ક્લિપ કરાવી ફોલ્ડરમાં લાવવાનું કરાવ્યું. સ્વાધ્યય પોથીની ઝેરોક્ષ



કરાવી પ્રકરણ બનાવ્યાં.

૩. ધોરણ પ્રમાણે વધુમાં વધુ બે જ નોટનો કોન્સેપ્ટ.

૪. મોટા કંપાસ બોક્સ, મોટા લંચ બોક્સ, મોટી પાણીની બોટલ બંધ કરાવી ઓછા વજનની સ્ટાન્ડર્ડ વસ્તુ જ વાપરવા વાલીઓ, વિદ્યાર્થીઓને જાગૃત કર્યા.

૫. ટાઈમ ટેબલમાં વાર પ્રમાણે અલ્ટરનેટિવ વિષય.

ભારે બેગથી શરીર પર અસર થઈ શકે: એક્સપર્ટ

ઓર્થોપેડિકના જણાવ્યા મુજબ, ભારે બેગ સ્નાયુઓને કઠણ બનાવે છે. પીડા અને તાણ વધારે છે. આગળ વળીને બેગનું સંતુલન રાખવાથી હિપ પર ભાર પડે છે. અસમાન વજનથી કરોડરજ્જુ વાંકું થઈ જાય છે, જેના કારણે પીડા અને થાક વધે છે.

# સાતારા હિલ હાફ મેરેથોનમાં ગાંધીનગર રનર્સનો વિજયી દેખાવ સાથે આઠ વર્ષથી દબદબો યથાવત.!

ગાંધીનગરના વિવિધ રનર્સ ગૃપના ૧૫ સભ્યો રવિવારે યોજાયેલી સાતારા હિલ હાફ મેરેથોનમાં ભાગ લઈ આવ્યાં. સાતારા હિલ્સ મેરેથોને વિશ્વની હિલ્સ પર યોજાતી ટફ મેરેથોન પૈકીની એક છે. આ મેરેથોનના સ્ટાર્ટિંગ પોઈન્ટથી અગિયાર કિમી સુધી કપરું ચઢાણ જ છે. આ મેરેથોન સાતારાના લીલાછમ ડુંગર પર યોજાય છે એટલે એને હિલ્સ મેરેથોન કહે છે. આ મેરેથોનમાં આ વખતે ભારતના વિવિધ શહેરોમાંથી ૮૦૦૦ રનર્સે ભાગ લીધો હતો.

આ ૨૧.૦૯૭ કિલોમીટરની મેરેથોનમાં ગાંધીનગરની વિવિધ રનર્સ ગૃપના સભ્યો હરિશ્ચંદ્ર, જગત કારાણી, સંજય થોરાત, ડૉ. મનિષા ઝડફિયા, સુરેશ સુરતી, રિજીશ મેનન, વિજય રાઠોડ, મીતેશ ગજ્જર, રજનીકાંત પરમાર, રાજેશ્રી પરમાર, ડૉ. જિજ્ઞાસા ઠુમ્મર, પ્રદીપ ગેહલોત, દુર્ગેશ પંચાલ, દિલીપ શર્મા, રાણા દેવેન્દ્રસિંહે ભાગ લઈ ફિનિશરનો મેડલ મેળવ્યો હતો.

મિની મહાબળેશ્વર તરીકે ઓળખાતા સાતારા ખાતે કાસ રોડ પર યોજાતી સાતારા હિલ્સ મેરેથોનમાં હરિશ્ચંદ્ર વેટરન કેટેગરીમાં પ્રથમ નંબર મેળવ્યો હતો જેમને વિજેતા ટ્રોફી અને રોકડ ઈનામ પ્રાપ્ત થયું હતું. ઉલ્લેખનીય છે કે હરિશ્ચંદ્ર ઘણા વર્ષોથી સતત પ્રથમ ઈનામ પ્રાપ્ત કરે છે.

ગાંધીનગરના સિનિયર મેરેથોન રનર જગત કારાણીની આ ૨૦૦મી હાફ મેરેથોન હતી જે કોઈ પણ રનર માટે વિશેષ ઉપલબ્ધિ કહેવાય છે. જગત કારાણીએ



૫૯મા વર્ષે રનિંગ ચાલુ કરી અને નવ વર્ષમાં ૨૦૦ હાફ મેરેથોનનો રેકોર્ડ બનાવ્યો છે. ગાંધીનગર રનર્સ ગ્રૂપના દિલીપ શર્માની આ પાંચમી સાતારા હીલ હાફ મેરેથોન હતી એટલે પાંચ મેરેથોન પૂર્ણ કરવા બદલ ફિનીશરના મેડલની સાથે વિશેષ યાદગાર મેડલ એનાયત કરવામાં આવ્યો હતો.

વિશેષ એટલે હજુ ત્રણ મહિના પહેલાં સળંગ ૨૧ દિવસ સુધી ૨૧ હાફ મેરેથોન પૂર્ણ કરનાર ડૉ. મનિષા ઝડફિયાએ પ્રથમવાર જ સાતારા મેરેથોનમાં ભાગ લઈ માત્ર ૨.૧૫ કલાકમાં હાફ મેરેથોન પૂર્ણ કરી હતી, એ દિવસે જ એનો જન્મદિવસ હોવાથી આ સિલ્વર મેડલ એના માટે યાદગાર બની રહ્યો હતો. ડૉ. મનિષા ઝડફિયાને સાતારા મેરેથોનના આયોજક ડૉ. સંદીપ કાટેએ રૂબરૂમાં વિશેષ શુભકામનાઓ પાઠવી હતી.

સાતારા મેરેથોનમાં ભાગ લેવાનું અને એને પૂર્ણ કરી ફિનીશરનો મૅડલ મેળવવાનું સૌનું ડ્રીમ હોય છે. જ્યારે ગાંધીનગરના રનર્સ તો પોડિયમ ફિનિશર એટલે કે વિજેતા થાય છે. સાતારા મેરેથોનમાં શહેરના ૧૫ રનર્સે આ સિદ્ધિ મેળવી શહેરનું નામ રોશન કર્યું છે. ગાંધીનગર રનર્સ ગૃપના પ્રેસિડેન્ટ મયુર થાનકી, કેપિટલ રનર્સ ગ્રૂપના પ્રેસિડેન્ટ રાધાકૃષ્ણન, ચાલો દોડીએ ગ્રૂપના પ્રેસિડેન્ટ પિન્કી જહા અને યુનિટી રનર્સના પ્રેસિડેન્ટ સ્ટીફન મુકાલેલે સાતારા મેરેથોનમાં ભાગ લેનાર સૌને શુભકામનાઓ પાઠવી છે.



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.